બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા

સત્સંગ શિક્ષણ પરીક્ષા (પૂર્વ કસોટી - ૧૭ જૂન, ૨૦૦૭)

(સમય : સવારે ૯ : ૦૦ થી ૧૧ : ૧૫) | **સત્સંગ પરિચય : પ્રશ્નપત્ર - ૧** | (કુલ ગુણ : ૭૫)

**નોંધ : જમણી બાજુએ આપેલા અંકો તે પ્રશ્નના જવાબના પાના નંબર દર્શાવે છે.**

**વિભાગ-૧ : સહજાનંદ ચરિત્ર - અગિયારમી આવૃત્તિ, એપ્રિલ ૨૦૦૪**

**પ્રશ્ન.૧. નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** (૯ ગુણ)

૧. ''તમારી સાધુતા વાત કરશે.'' ૯૮

૨. ''આપનાથી બની શકે તો મને હવે છેલ્લાં દર્શન આપો.'' ૧૫૦

૩. ''અમને રાજગાદી જેવાં ઊંચાં આસન ન જોઈએ.'' ૫૩

**પ્રશ્ન.૨. નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ)** (૬ ગુણ)

૧. મહારાજ સોનબાઈનું અન્ન જમ્યા. ૮૫

૨. દીવ બંદરના હરિભક્તને મહારાજના સ્વરૂપનો નિશ્ચય થઈ ગયો. ૧૪

૩. મહારાજની દૃષ્ટિમાંથી કોઈ રહી ન જાય. ૧૧૫

**પ્રશ્ન.૩. નીચેનામાંથી કોઈપણ એક વિષે મુદાસર વિવરણ લખો. (બારેક લીટીમાં)** (૫ ગુણ)

૧. છ હેતુઓ ૧૦૩

૨. મોક્ષની વિદ્યા ૭૩

૩. ગવર્નર માલ્કમ સાથે મુલાકાત ૧૪૩

**પ્રશ્ન.૪. નીચેના પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાકયમાં જવાબ લખો.** (૫ ગુણ)

૧. મૂળજી શર્માએ સાકરબાને જનોઈના ગીત ગાવાનું કેમ કહ્યું ? ૪૧

૨. કેટલાં વર્ષે મહારાજ અને સુવાસિની ભાભીનું મિલન થયું ? ૧૨૦

૩. મહારાજે મેમકાના કયા ચાર હરિભક્તોને ગામ છોડવાની આજ્ઞા કરી ? ૨૫

૪. મહારાજે આધારાનંદ સ્વામી પાસે શું તૈયાર કરાવ્યું ? ૯૪

૫. મહારાજે અડધાં રાજાનાં અને અડધાં સાધુનાં વસ્ત્રો ધારણ કરી સભામાં શું પૂછ્યું ? ૧૧૩

**પ્રશ્ન.૫. આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલ ચોરસ ખાનામાં ખરાની (✓) નિશાની કરો.** (૪ ગુણ)

**નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. શિક્ષાપત્રી લોપવી નહિ ૧૩૭

(૧) ☐ સો જન્મની કસર ટળશે (૨) ☐ તમે ડેલો ખાલી કરો

(૩) ☐ કોની રજાથી ડેલામાં દાખલ થયા છો ? (૪) ☐ આ જૂનાગઢના મહંત

૨. શ્રીજીમહારાજે કોને કોને વિમુખ કર્યા ? ૧૮, ૨૬

(૧) ☐ હરબાઈ-વાલબાઈ (૨) ☐ જગજીવનદાસ

(૩) ☐ કડવીબાઈ (૪) ☐ રઘુનાથદાસ

**પ્રશ્ન.૬. નીચેનાં વિધાનોમાં ખાલી જગ્યા પૂરો.** (૫ ગુણ)

૧. .................. એ મહારાજને સેવાનો ભાગ આપ્યો. ૬૮

૨. આત્મારામ દરજીએ .................. માં સુંદર ડગલી મહારાજને અર્પણ કરી. ૧૪૧

૩. મહારાજે પરમહંસોને .................... જેવા કહ્યા. ૮૪

૪. કઠપૂતળાના નાયકે ................ ને કહ્યું, 'અમારા સૌના નાડી પ્રાણ આપના હાથમાં છે.' ૧૦૪

૫. વરતાલમાં મહારાજે ................ નામ આપીને પોતાની મૂર્તિની પ્રતિષ્ઠા કરી. ૧૨૧

(પાછળ જુઓ)

---

**પ્રતિ,**

**પરીક્ષા વ્યવસ્થાપક (તા. ૧૭ જૂન, ૨૦૦૭; પરીક્ષા : સત્સંગ પરિચય-૧; માધ્યમ : ગુજરાતી; સમય : સવારે ૯ : ૦૦ થી ૧૧ : ૧૫)**

સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ દ્વારા કરવામાં આવેલ પૂર્વ કસોટીના આયોજનમાં મેં જાતે વર્ગમાં (બેઠકખંડમાં) હાજરી આપીને પરીક્ષા આપી છે અને નીચેની વિગતો મેં સાચી ભરેલી છે તે આપ જાણશો.

**૫૦૧**

પરીક્ષાર્થીની અટક :- પરીક્ષા આપી તે તારીખ :-

પરીક્ષાર્થીનું નામ :- પરીક્ષા આપી તે સમય :-

પિતા / પતિનું નામ :- બેઠક ક્રમાંક :- ☐☐☐☐☐☐

પરીક્ષા સ્થળનું નામ :- કેન્દ્ર નંબર :- ☐☐☐☐

પરીક્ષાર્થીની સહી :- કેન્દ્રનું નામ :-

**નોંધ :- ફક્ત વર્ગમાં હાજર રહેલા પરીક્ષાર્થીઓએ જ ભૂલ્યા વગર આ હાજરીસ્લીપ કાપીને, તેમાં માગ્યા મુજબની વિગતો ભરીને, તેમના કેન્દ્ર વ્યવસ્થાપકને પરત આપવાની છે. ફક્ત વર્ગમાં હાજર રહેલા તમામ પરીક્ષાર્થીઓની હાજરીની સ્લીપો ભેગી કરીને, તેની સંખ્યા પૂર્વ કસોટીના અહેવાલમાં લખીને, સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ ખાતે પરત જમા કરાવવાની છે.**

## વિભાગ-૨ : સત્સંગ વાચનમાળા ભાગ-૨ - આઠમી આવૃત્તિ, માર્ચ ૨૦૦૭

**પ્રશ્ન.૭. નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** **(૯ ગુણ)**

૧. ''દુર્વાસા બધી ગોપીઓના થાળ એકલા જમી ગયા તે સાચું હશે ?'' ૪૩

૨. ''આજથી જોડા પહેરશો નહિ, ગળ્યું-ચીકણું ખાશો નહિ.'' ૨૩

૩. ''આ ભેખ-ત્યાગી આગળ મારું કાંઈ ચાલે નહિ.'' ૫૫

**પ્રશ્ન.૮. નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ)** **(૪ ગુણ)**

૧. શાસ્ત્રાર્થ કરવા અમદાવાદ ગયેલા વિદ્વાનોના હોશકોશ ઊડી ગયા. ૬

૨. શાસ્ત્રીજી મહારાજ તાર મળતાં જ ડાંગરા પહોંચી ગયા. ૫૮

**પ્રશ્ન.૯. નીચેનામાંથી કોઈપણ એક વિષે મુદ્દાસર વિવરણ લખો. (પંદરેક લીટીમાં)** **(૫ ગુણ)**

૧. દાદા ખાચરનો સર્મપણ ભાવ ૩૪

૨. વળી સૌ સાંભળો.... પદનું હાર્દ લખો. ૧૯

૩. સુથારણબાઈએ મહારાજને આપેલો ઠપકો. ૨૪

**પ્રશ્ન.૧૦. નીચેના પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** **(૪ ગુણ)**

૧. જૂનાગઢના નવાબે ગ્વાલિયરના ગવૈયાઓને શું કહ્યું ? ૧૪

૨. અયોધ્યાપ્રસાદજી મહારાજ ગુણાતીતાનંદ સ્વામીનાં દર્શન કરી શું બોલ્યા ? ૩૦

૩. પરમાત્માના સાક્ષાત્કાર માટે દિનમણિને મતે શું જરૂરી હતું ? ૧

૪. મહારાજ કેટલાં વર્ષ દાદાના દરબારમાં રહ્યા ? ૩૯

**પ્રશ્ન.૧૧. નીચે આપેલાં વાક્યોમાંથી વિષયને અનુરૂપ પાંચ સાચાં વાક્યોને શોધી ફક્ત નંબર લખો.** **(૫ ગુણ)**

**વિષય :- અખંડ ચિંતવન** ૨૧

**૧.** આવી રીતે ભગવાનની મૂર્તિનું ચિંતવન થાય તેને તો સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીએ. **૨.** વાસુદેવનારાયણના ઓરડામાં શ્રીજીમહારાજ સાથે સભામાં મૂળજી બ્રહ્મચારી બેઠા હતા. **૩.** તમે આના ઉપર તેલ ચોપડી દ્યો. **૪.** મહારાજને ગાદી સાથે ઉપાડી લીમડા નીચે લાવ્યા. **૫.** વશરામભાઈએ મોજડીઓને તેલ ચોપડવા લીધી. **૬.** આ બ્રહ્મચારીને ત્રણે અવસ્થામાં અમારું ચિંતવન થાય છે. **૭.** સુથારણ બાઈએ મહારાજને ઠપકો આપ્યો. **૮.** મહારાજનું પ્રકરણ. સભામાં ઊંઘે તેમને જગાડવા બેરખો મારવો. **૯.** બ્રહ્મચારી તરત જ મહારાજની સેવામાં જોડાઈ ગયા. **૧૦.** બ્રહ્મચારીને સ્વપ્નમાં ઘર સળગેલું દેખાયું. **૧૧.** શ્રીજીમહારાજે મૂળજી બ્રહ્મચારીને વિમુખ કર્યા.

**ફક્ત નંબર :-** ☐ ☐ ☐ ☐ ☐

**પ્રશ્ન.૧૨. નીચેનાં વાક્યો ખરાં છે કે ખોટાં તે જણાવી ખોટાં વાક્યો સુધારીને ફરીથી લખો.** **(૪ ગુણ)**

૧. દાદા ખાચરના અગ્નિસંસ્કાર થયા પછી ગ્રહણ થયું. ૨૬

૨. મહારાજે 'પ્રેમસખી'નું નામ બદલીને પ્રેમાનંદ રાખ્યું. ૧૧

૩. ભાવનગરના વજેસિંહે જીવા ખાચરના કહેવાથી દાદા ખાચરને ઠપકો આપવાનું નક્કી કર્યું. ૩૬

૪. મહારાજે તેજા ઠક્કર પાસેથી ભેંશ ખરીદી. ૪૪

## વિભાગ-૩ : નિબંધ

**પ્રશ્ન.૧૩. નીચેનામાંથી કોઈપણ એક વિષય પર આશરે ૩૦ લીટીમાં નિબંધ લખો.** **(૧૦ ગુણ)**

૧. પરમાત્માના પ્રેમની અને જ્ઞાન-ખજાનાની ચાવી : મંદિર

૨. પ્રમુખસ્વામી મહારાજ - ઉગતી પેઢીના વિશ્વકર્મા

૩. અદ્વિતીય આચારગ્રંથ : શિક્ષાપત્રી

**નોંધ : ઉપરોક્ત જે નિબંધની યાદી છે તેમાંથી એક નિબંધ તથા તમામ પ્રશ્નોમાંથી ઓછા-વત્તા (થોડા-ઘણા) પ્રમાણમાં પ્રશ્નો તા. ૧૫ જુલાઈ, ૨૦૦૭ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષામાં પુછાશે.**